# IN THE COURT OF METROPOLITAN MAGISTRATE COURT NO. 18, AHMEDABAD

Summary Case No: ૫૦૬૪૦/૧૯

1. Date of commission of the Offense
2. Date of the report of complaint
3. Name of complaint with parecntage, Age. સરકાર
   Place of residence etc.
4. Name parecntage, Age and place of દિનેશભાઈ મંગુદાસ બેરાજી
   residence etc. of the accused person.

5(a) Offensc complained of ધી ઈ.પી.કો.કલમ ૨૮૩ મુજબ

(b) Offense Proved

(c) Value of stolen property.

(d) Accused plea and examination of any

સવાલ: તમોને પોલીસ તપાસનાં કાગળોની નકલ મળેલ છે?

જવાબ: જી હા

સવાલ: તમારી સામે એવો આક્ષેપ છે કે તમો તારીખ : – – ના રોજ તમારુ વાહન જાહેરમાં આવતી જતી પબ્લીકને અડચણ થાય તે રીતે ભયજનક રીતે મુકીને મળી આવેલા અને તેમ કરીને તમોએ ધી.ઈ.પી.કો.કલમ ૨૮૩ મુજબનો શિક્ષાને પાત્ર એવો ગુનો કરેલો છે. તમોને ગુનો કબુલ છે કે તમારે બચાવ કરવો છે?

જવાબ: મને ગુનો કબુલ છે. મારી પર દયા રાખવા અરજ છે.

..............................................

તારીખ: ૧૩ –૭ –૨૦૧૯ મારી રૂબરૂ

મેટ્રોપોલીટન મેજીસ્ટેટ,
કોર્ટ નં. ૧૮, અમદાવાદ.

આરોપી સામે ઉપર જણાવ્યા મુજબના ગુનાનો આરોપ છે. આરોપી આજરોજ ના.કોર્ટમાં હાજર થતાં તેને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપીને ગુના બાબતે પુછતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનાનો ઈકરાર કરેલો છે. આરોપી આ કેસની શરૂઆતના તબકકે સ્વૈચ્છિક રીતે કોઈપણ જાતના દબાણ સિવાય ગુનો કબુલ કરે છે અને ગુના બદલ પસ્તાવો જાહેર કરતો હોય અને ભવિષ્યમાં આવો ગુનો નહીં કરે તેમ જણાવી પોતાની ઉપર દયા બતાવવા કોર્ટને અરજ કરેલી છે ત્યારે આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાત અને આરોપીના સંજોગોને ઘ્યાનમાં રાખી દયા બતાવી ન્યાયના હીતમાં હું નીચે મુજબનો હુકમ કરું છું.

**<u>હુ ક મ</u>**

આરોપીને સી.આર.પી.સી.ક.૨૫૨ અન્વયે ધી ઈ.પી.કોડની કલમ ૨૮૩ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના કામે તકસીરવાર ઠરાવી તેને કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા રૂ. ૧૦૦/-(અંકે રૂપિયા સો પુરા ) દંડની શિક્ષા કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન-૨(બે) ની સાદી કેદની શિક્ષા ભોગવવાની રહેશે.

હુકમ આજ તા. ૧૩/૭/'૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરીને,વાંચી સંભળાવી જાહેર કર્યો.

( એચ.એસ.પટેલ )
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર ૧૮,અમદાવાદ.
( UIC NO. GJ00969 )